ગાંધીનગર સમાચાર

ગાંધીનગરમાં ૫ રાજ્યોના ૬૦૦થી વધુ મહિલા સરપંચો આવી પહોંચ્યા




કાઉન્ટ - ડાઉન : આવતીકાલે વિશ્વ મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય કક્ષાનો સમારોહ મહાત્મા મંદિર ખાતે યોજાઈ રહ્યો છે... રાષ્ટ્રીય મહિલા સરપંચ સંમેલનને સંબોધન માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી મહાત્મા મંદિરે આવશે એના પગલે પોલીસ બંદોબસ્ત જડબેસલાક ગોઠવાયો છે... જ્યારે મંડપ, બેઠક વ્યવસ્થા અને પાર્કીંગ વ્યવસ્થાને તંત્રએ સોમવારે બપોરે આખરી ઓપ આપ્યો હતો...

# જિલ્લાની ૧૦૨૬૧૮ ચો.મી જગ્યા પર શરતભંગના અંતે સરકારી કબજો

## નીલગાયથી ખેતપાકને નુકશાન અટકાવવા ૬૨૪ ખેડુતોને ૨ કરોડની સહાય

ગાંધીનગર તા ૬

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જિલ્લાના કેટલા કેટલી જમીનમાં શરતભંગના અંતે સરકારી પડતરમાં દાખલ કરવાના હુકમો કરવામાં આવ્યા છે ? તેવો પ્રશ્ન કલોલના ધારાસભ્ય બળદેવજી ઠકોરે વિધાનસભામાં રજુ કર્યો હતો જેના જવાબમાં મહેસુલમંત્રીએ જણાંવ્યુ હતુ કે જિલ્લામાં કુલ ૧૦ ગામોમાં શરતભંગના કિસ્સામાં સરકારી પડતર દાખલ કરવાના પગલા લેવાયા છે. જિલ્લાના આ ગામોમાં કુલ ૧૦૩૬૩૪ ચો મી જગ્યામાં શરતભંગના કિસ્સાઓ ધ્યાને આવ્યા હતા. જેમાં મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ હેઠળ માણસા તાલુકાના લોદરામાં એક કિસ્સામાં જયારે મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ-૧૯૪૮ હેઠળ ૧૦ કેસમાં કાર્યવાહી કરવામાં આવી છે. ગાંધીનગર તાલુકાના ચિલોડા સાદરા,કરાઈ,છાલા, તેમજ કલોલ તાલુકાના રાંચરડા,હાજીપુર, અને માણસા તાલુકાના લોકરાડા માણેકપુર, અને માણસા ગામમાં વિવિધ સર્વે બ્લોક નંબરની કુલ૧૦૩૬૩૪ ચો મી જગ્યાનો શરતભંગના કિસ્સામા સમાવેશ થાય છે. જયારે આ અન્વયે સરકારી પડતર દાખલ કરવાના હુકમો કર્યા હોય તે પૈકી ક્યા ગામની કેટલી જમીનના કબજા સરકાર દ્વારા લેવામાં આવ્યા તેવા પેટા પ્રશ્નના ઉત્તરમાં મહેસુલમંત્રીએ જણાંવ્યુ હતુ કે ૧૦ ગામોની કુલ ૧૦૨૬૧૮ ચો મી જગ્યાનો કબજો સરકારે લીધો છે. જયારે માણસા તાલુકાના એક કેસમાં કબજો લેવાનો બાકી છે.જેમાં મહેસુલ વિભાગના સચિવના મનાઈ હુકમ આપવામાં આવ્યો છે.

**નીલગાયથી ખેતપાકને નુકશાન અટકાવવા ૬૨૪ ખેડુતોને ૨ કરોડની સહાય**

જિલ્લામાં ખેતીના ઉભા પાકને નીલગાયથી રક્ષણ આપવા માટે કેટલા ખેડુતોને તારની ફેન્સીંગ વાડ બનાવવા માટે કેટલી સહાય ચુકવવામાં આવી ? દહેગામના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીએ જણાંવ્યુ હતુ કે ચારેય તાલુકાના ૬૨૪ ખેડુતોને સહાય ચુકવવામાં આવી છે. આ ખેડુતોને છેલ્લા બે વર્ષમાં રૂ ૨.૪ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

**જિલ્લામાં ૩૦૩ પૈકી ૨૨ ગ્રામ પંચાયતો ઘર વિહોણી**

ગાંધીનગર જિલ્લામાં તાલુકા દિઠ કેટલી ગ્રામ પંચાયતો છે અને આ પૈકી ઘર વિહોણી ગ્રામ પંચાયતો કેટલી છે ? ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલના પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીએ જણાંવ્યુ હતુ કે જિલ્લામાં ૩૦૩ ગ્રામ પંચાયતો છે. જયારે પંચાયત ઘર વિહોણી ૨૨ ગ્રામ પંચાયતો છે. જેમાં દહેગામ તાલુકાની ૫, ગાંધીનગર તાલુકાની ૭, અને કલોલ તાલુકાની ૧૦ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે.




**વાજપાઇ બેકેબલ યોજના અન્વયે ૧૬૨૯ને સબસીડી ચુકવાઇ**

વાજપાઈ બેકેબલ યોજના હેઠળ ધિરાણો મેળવેલા કેટલા લાભાર્થીઓને સબસીડી ચુકવવામાં આવી ? દહેગામના ધારાસભ્ય કામિનીબા રાઠોડના પ્રશ્નના જવાબમાં ઉદ્યોગ મંત્રીએ ઉત્તરમાં જણાંવ્યા મુજબ વાજપાઈ બેકેબલ યોજના હેઠળ ધિરાણો મેળવવા બદલ ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં કુલ ૧૬૨૯ લાભાર્થીઓનો સમાવેશ થાય છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૩૯૫, કલોલ તાલુકાના ૪૮૪, માણસા તાલુકાના ૪૦૬ અને દહેગામ તાલુકાના ૩૪૪ લાભાર્થીઓને સબસીડી ચુકવવામાં આવી છે. જયારે આ પૈકી ૭૪૪ ને સબસીડી ચુકવવાની બાકી છે.

**ઇ - ધરા કેન્દ્રમાં ૫૬૦૭ હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી**

જિલ્લામાં ઈ ધરા કેન્દ્રોમાં ડિસેમ્બર ૨૦૧૬ ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે ? તેવા પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાંવ્યુ હતુ કે ૫૬૦૭ હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે. જયારે આ મામલે શક્ય તેટલી ઝડપથી નોંધોનો નિકાલ કરવામાં આવશે.

# બોર્ડ નિગમને ફાળવાયેલ સરકારી આવાસોના મામલે ૩૦ જુન સુધી મંજુરી

ગાંધીનગર તા ૬

માર્ગ મકાન વિભાગ દ્વારા શહેરમાં સંસ્થાઓ તેમજ બોર્ડ નિગમને ફાળવવામાં આવેલા મકાનો સંદર્ભે આગામી જુલાઈ ૨૦૧૭ સુધીની મંજુરી આપી દેવામાં આવી છે. શહેરમાં ૭ હજાર જેટલા મકાનો બાર્ડ નિગમના કર્મચારીઓ સહીત સંસ્થાઓને ફાળવવામાં આવ્યા છે. લાંબા સમયના અંતે સરકાર દ્વારા આ આવાસો સંદર્ભે મુદત્ત વધારવામાં આવી છે. આ ઉપરાંત ગેરકાયદેસર કબજો ધરાવતા હોય તેવા કિસ્સામાં તંત્ર દ્વારા સર્વે હાથ ધરી બિનઅધિકૃત કબજેદારો સામે પણ કોર્ટ કેસ દાખલ કરવા સુધીના આકરા પગલા લેવાશે.

શહેરના વિવિધ સેકટરોમાં અંદાજિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસો છે. જયારે આ પૈકી નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ પણ તબક્કાવાર ભયજનક માલુમ થાય તેવા બ્લોકને તોડવામાં આવે છે. શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના મકાનો રહેણાંકને લાયક ન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થતા તબક્કાવાર મકાનોના મજબુતીકરણનુ કામ હાથ ધરવામાં આવે છે. જો કે હાલની સ્થિતિએ પણ રહેણાંકની દ્રષ્ટિએ યોગ્ય હોય તેવા આવાસોની સંખ્યા ઘણી ઓછી છે. જેના પરિણામે આવાસોની માંગણી સંદર્ભે પ્રતિક્ષા યાદી દિનપ્રતિદિન મોટી થતી જાય છે. માર્ગ મકાન વિભાગ દ્વારા બોર્ડ નિગમ અને સંસ્થાઓને ફાળવવામાં આવેલ આવાસોની મુદત વધારવાના મામલે લાંબા સમયથી કોઈ નિર્ણય લેવાયો ન હતો. શહેરમાં અંદાજિત ૭ હજાર જેટલા મકાનો બોર્ડ નિગમ તેમજ સંસ્થાઓને ફાળવવામાં આવ્યા છે. જયારે વિભાગ કક્ષાએથી આ આવાસોના મામલે આગામી ૩૦ જુન સુધીની મુદત લંબાવી દેવામાં આવી છે. જેના પરિણામે આ અન્વયે આ આવાસોનુ ભાડુ પણ વસુલવામાં આવશે. શહેરમાં હજુ પણ સરકારી આવાસોમાં બિનઅધિકૃત કબજેદારો હોવાનુ મનાય છે. ત્યારે આવાસોના મામલે આગામી દિવસોમાં યોગ્ય સર્વે હાથ ધરી બિન અધિકૃત કબજેદારો હોય તેવા કિસ્સામાં કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ગાંધીનગરમાં ૫ રાજ્યોના ૬૦૦થી વધુ મહિલા સરપંચો આવી પહોંચ્યા

## મહિલા સરપંચોએ સંસ્કૃતિકુંજ અને અડાલજ વાવની પણ મુલાકાત લીધી : આજે ૧૨ ગામોનો પ્રવાસ કરશે

ગાંધીનગર, તા. ૬

૮મીએ મહાત્મા મંદિર ખાતે યોજાનાર રાષ્ટ્રીય સ્તરના વિશ્વ મહિલા દિવસની ઉજવણીના સમાપન સમારોપમાં ભાગ લેવા માટે ૬૭૫ જેટલા પાંચ રાજ્યોના મહિલા સરપંચો ગાંધીનગર આવી પહોંચ્યા છે.

ગાંધીનગર આવી પહોંચેલા સરપંચોમાં ઉત્તરપ્રદેશના ૩૭૫ અને ઉત્તારાખંડના ૨૧૨ જેટલા પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ. બંગાળ, ઓરિસ્સા તેમજ હિમાચલ પ્રદેશના મહિલા સરપંચો પણ ગાંધીનગર આવી પહોંચ્યા છે.

ગાંધીનગર આવેલા મહિલા સરપંચોના બે પ્રતિનિધિ મંડળોએ ગાંધીનગરમાં સંસ્કૃતિ કુંજની મુલાકાત લઈ અને ત્યાંના સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ક્રાફ્ટ બજારની પણ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત બે પ્રતિનિધિ મંડળોએ ગુજરાતની વિશ્વ પ્રસિદ્ધ અડાલજની વાવ પણ નિહાળી હતી.

ગાંધીનગરમાં ૧ હજાર જેટલા મહિલા સરપંચો ૮ રાજ્યમાંથી

● અનુસંધાન પાન-૭ પર

# ચેક રીટર્ન કેસમાં ચંપાવતને એક વર્ષની સજા

ગાંધીનગર તા ૬

ચેક રીટર્નના કેસમમાં તલાટી કૌભાંડના આરોપી કલ્યાણસિંહ ચંપાવતને ગાંધીનગર કોર્ટે એક વર્ષની કેદ અને ૫ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.મિલ્કત ખરીદવા માટે કલયાણસિંહ ચંપાવતે ૫૦ લાખનો ચેક આપ્યો હતો. જયારે આ ચેક રીટર્ન થતા આ મામલે કોર્ટમાં ફરિયાદ દાખલ થઈ હતી. જેના અંતે કાર્ટે કલ્યાણસિંહને એક વર્ષની કેદની સજા ફટકારી છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસારસે-૨૩ માં રહેતા પંકજકુમાર પરસોત્તમભાઈ પટેલે પોતાની સે-૫ સ્થિત મિલ્કત ૧૧ મહીનાના કરારથી કલ્યાણસિંહને આપી હતી. જયારે કરારની સમય અવધિના અંતે આ મિલ્કત પંકજભાઈએ વેંચવાનુ નક્કી કર્યુ હતુ. જયારે આ સમયે આ મિલ્કત કલ્યાણસિંહ ચંપાવતે ખરીદવા રસ દાખવ્યો હતો. આ મામલે ૧.૬૫ કરોડમાં મિલ્કત વેચવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ. આ મિલ્કત અન્વયે તા. ૧૯ ઓગષ્ટ, ૨૦૧૪ના

● અનુસંધાન પાન-૭ પર

# નીલગાય, રોઝ અને ભૂંડથી ખેતીને બચાવવાની યોજના કૃષિ વિભાગને સોંપાઈ : વસાવા

## મીટર પર ચુકવવામાં આવતી સહાયમાં રૂ. ૮૧નો વિક્રમી વધારો ખેડૂતના હિતમાં કરાયો છે : વસાવા

ગાંધીનગર, તા. ૬

નીલગાય, ભૂંડ અને રોઝ દ્વારા થતુ ખેતીને નુકશાન અટકાવવા માટે તારની વાડ બનાવવાની કામગીરી હવે વન વિભાગને બદલે કૃષિ વિભાગ હસ્તક મુકવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હોવાની જાહેરાત રાજયના વન મંત્રી ગણપતભાઈ વસાવાએ કરી હતી.

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન કોંગીના કામિનીબા રાઠોડે ગાંધીનગરમાં નીલગાય, ભૂંડ દ્વારા ખેડૂતોના ઉભા પાકને થતા નુકશાન અંગેના પ્રશ્નના પૂરક પ્રશ્નમાં વનમંત્રીએ આજ યોજના અંતર્ગત બીજી મહત્વની જાહેરાત પણ કરી હતી કે રનીંગ મીટર પર સહાય જે રૂ. ૨૧૯ લેખે ચુકવવામાં આવતા હતા તેના બદલે હવે રાજ્ય સરકારે તેમાં પણ વધારો કરીને રૂ. ૩૦૦ ચુકવવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

આમ સહાયના દરમાં રૂ. ૮૧નો વિક્રમી વધારો ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારે કર્યો છે.

ગણપતભાઈ વસાવાએ જણાવ્યુ હતુ કે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને અભિનંદન આપુ છુ કે પહેલા તો ગુજરાતમાં ૧૯૯૯ સુધી આ પ્રકારની કોઈ યોજના જ નહોતી. આપણને સૌને ખ્યાલ છે કે ગુજરાતના ખેડૂતોને રોઝ અને ભૂંડનો ત્રાસ હતો જ. એનો આપણે સ્વીકાર કરીએ જ છીએ પણ ભૂતકાળમાં, સાહેબ હું માત્ર ત્રણ વર્ષના બજેટના આંકડા

● અનુસંધાન પાન-૭ પર



નેશનલ ફોક ફેસ્ટિવલમાં ગાંધીનગર - ગાંધીનગરની જાણીતું કલાગૃપ ‘રાગા’ - કલ્ચરલ ગૃપ ઓફ પરફોર્મિંગ આર્ટના કલાકારો નેશનલ ફોક ફેસ્ટિવલમાં પરંપરાગત લોકનૃત્ય - દાંડીયારાસ અને મણિયારો પ્રસ્તુત કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા... જાણીતા કલાકાર હર્ષદ સોલંકીના નેતૃત્વમાં શહેરના ૨૧ કલાકારોએ કેરાલાના થિરવનન્થપુરમ ખાતે ગુજરાતી રાસની રમઝટ બોલાવી હતી... આ ફોક ફેસ્ટિવલમાં ગુજરાત ઉપરાંત પંજાબ, રાજસ્થાન, જમ્મુ કાશ્મીર, કર્ણાટક, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ વિગેરે રાજ્યોની કલા સંસ્થાઓએ ભાગ લીધો હતો... ગાંધીનગરના કલાકારો દેશના ખૂણે ખૂણે ગુજરાતની અસ્મિતાને રજૂ કરી ગૌરવ વધારે છે...



















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com